સાલ : ૨૨ / સિલસિલાવાર નંબર : ૧૮૪ / શુમારો : ૪ | ફુલ પાના - ૧૬

بسم الله الرحمن الرحيم

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૪૬ / જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૨૫

# બીજ

હમારા દિલો દિમાગમાં જે વક્ત ઝમીન, ખેતી, ફસલ, અનાજનો તસવ્વુર આવે તો કુદરતી તૌર પર બીજ-હબ્બત-દાના નો સવાલ ઉભરીને આવી જાય છે. તેના બગૈર તખ્લીકે કાએનાત મુમ્કિન જ નથી. તેના સિવાય ઝમીનનું હોવું, ના હોવું થઈ જાય છે. હર ચીઝની ઈબ્તેદા એક બીજ-નુક્તા-નુત્ફાથી છે. **ઇલાહી કુદરત અને તેના નિઝામથી** ઝર્રા જેવી નાની-ના દેખાતી ચીઝ, મૌસમ, ઝમીન યા માહૌલ મુજબ આહિસ્તા-આહિસ્તા તેની શિક્લ બદલીને મોટી થાય છે. તે કોઈ મુકર્રર વક્ત પર તેની અસલી-પુખ્તા સૂરત ઈખ્તિયાર કરે છે કે, જેમાંથી તેની જિન્સ અને નસલના બીજા બીજ પૈદા થાય છે. આ મુજબ તે ચીઝનો વુજૂદ એક યા બીજી શિક્લ-સૂરતમાં દુનિયામાં બાકી રહે છે.

કુરઆને કરીમની મુખ્તલિફ સૂરતોની આયતોમાં **"બીજ"** ની ઝિક્ર કરવામાં આવી છે, જેને **"હબ્બત"** કહેવાય છે. તે એ તરહ થઈ છે કે, અલ્લાહતઆલા બીજને ઝમીનની અંધારીઓમાં છુપાવીને રાખે છે. કોઈ શખ્સ રાયના દાના બરાબર પણ નૈકી કરીને કોઈ જગા પર મુકી આવશે તો પણ અલ્લાહતઆલા એને નૈકીનો સવાબ અતા કરશે. કોઈ શખ્સ ઝમીનમાં અનાજનો એક દાનો નાંખે તો અલ્લાહતઆલા તેમાંથી અનાજના ૭ કાન નમૂદાર કરે. આ માંથી હરએકમાં ૧૦૦-૧૦૦ દાના મૌજૂદ હોય તે મિસિલ કે કોઈ બંદો નૈકી કરે, **તો અલ્લાહતઆલા તેના ફઝલો અહેસાનથી દુગનો-ચુગનો સવાબો અજર એને અતા કરે.** જેમ અનાજના દાનાનું ઝુંડ કાનમાં પોશીદા હોય છે, તેમ અલ્લાહતઆલા બંદાના અજરને પોશીદા રાખે છે કે, જેને વક્ત આવવા પર ઝાહિર કરી દે છે.

બીજી એક જગા પર બયાન છે કે, અય મુમિન ! તમેં આ દુનિયામાં રહીને આખેરતની ખેતી કરો. આ મુજબ ખેતી કરનાર શખ્સ નો ઈકબાલ-નસીબો ખૂબ બલંદ હશે. હવે, તમેં જો ફક્ત દુનિયા વાસ્તે જ ખેતી કરશો તો તમારી મહેનત મુજબ તમારો રબ તમને ઝરૂર આપી દેશે મગર આખેરતમાં તમારો કોઈ નસીબો નહીં હોય. આની માઅના એ થાય કે, **દુનિયા કરતા આખેરતની ખેતી ઝિયાદહ ફાયદામંદ હોય છે.** દુનિયાવી મુઆમેલાતની ખેતીનો બદલો યહાઁ તક જ મહેદૂદ છે, મગર નૈકીના આઅમાલની ખેતીનો બદલો આખેરતની હદ તક બાકી રહે છે.

હિકમતના કિતાબમાં બયાન આવેલું છે કે, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની રિસાલત-નુબૂવતની ઝમીનમાં અલ્લાહતઆલાએ હમને વસાવેલા છે. તેમાં નૈકીની ખેતી કરવાનું ફરમાન છે. આઅલામાં આઅલા નૈકી તે મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.), નબી સાહેબના વસીએ અકરમની માઅરેફત અને મહબ્બત છે. હમને જો આ ઝમીનથી બહેતરમાં બહેતર ફાયદો ઉઠાવવો હોય તો હમને તેમાં **વલાયતે અલીનું મુબારક બીજ** બોવું પડશે. જેમ એક બીજને બરાબર ઉગવા વાસ્તે ખાતર, પાની, તડકો અને હવાની ઝરૂરત પડે છે, તેમ હમને આ બીજને ઝિંદા રાખવા વાસ્તે **તવક્કુલ, શુક્ર, સબર અને હક્કનો** સાથ લેવો પડશે. તો જ તે ઝમીનમાં નાખેલા બીજા બીજો બરાબર ઉગશે અને કામ લાગશે.

(બકીયહ પેજ નં. ૨ પર)

**અય ફરઝંદો ! ઉંમરને સાચવો. ખૈરને અપનાવો.**

(પેજ નં. ૧ નું બાકી)

બયાન છે કે, મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વલાયતો વસાયતની માઅરેફતનું બીજ અગર કોઈ શખ્સ આ દુનિયામાં પોતાના દિલની ઝમીનમાં બોશે અને તેને હર હાલમાં સાચવશે તો અલ્લાહતઆલા તેની બરકતથી એના વાસ્તે આખેરતમાં શજરતે તૂબાની મિસિલ જન્નતમાં **એક એવું મુબારક સરસબ્ઝ, ખુશ્બૂદાર, પુરબહાર, ફલ-ફૂલવાલું, રૌનકઅફરોઝ દરખ્ત** ઉગાવશે કે, તેના સાયામાં એ શખ્સને હર તરહની નેઅમતનો ફૈઝ હાસિલ થાશે. ફરિશ્તાઓની એક પૂરી જમાઅત એની ખિદમતમાં ખાસ તૌર પર મુકવામાં આવશે. આના બરખિલાફ જે શખ્સ નફરત અને કુફ્રનું બીજ બોશે તો એ મલઊન થાશે, જહન્નમમાં કાંટાવાલા કડવા દરખ્તના શદીદ અઝાબમાં ગિરફતાર થાશે. એને ખેતીની મહેનતનો કોઈ ફાયદો પહોંચશે નહીં.

કલામે રબ્બાની છે કે, **"તમારા બૈરાઓ તમારા વાસ્તે ખેતર છે, ઝરખૈઝ-ઉપજાવ ઝમીન છે."** હરએક મુમિન એની ઝિંદગીનો ખેડૂત છે. ખેડૂત ઝમીન ખરીદવા નિકલે તો તેની બરાબર પૂછપરછ-તફતીશ કરે છે. ઝમીનની માલિકી, રસ્તો, પાની, તે પથરીલી યા કાઁટાવાલી તો નથી ને, તેનો ઢાલ કઈ તરફ છે, તેની પોચાશ, શું તેના પર કોઈ બીજી તરહની ખેતી થઈ ચુકી છે, આસપાસની નદી-નાલાઓથી સયલાબ તો નથી આવતું ને, પાની જેટલું જમા કરવું હોય તેટલું જ થાય છે ને, તેને આસપાસ કોઈ બંજર જગા તો નથી ને યા બીજા લોગો કઈ તરહ ખેતી કરે છે, વગૈરહ.

આ જ તરહ કોઈ મુમિન કોઈ બૈરોને પોતાના ઝૌજહ બનાવવાનો ઈરાદો કરે, નિકાહ કરવાની નિય્યત કરે, શરીકે હયાત બનાવવા પર તૈયાર થાય તો પહેલા, ખેડૂત જેમ એની ઝમીન ચકાસે છે, તેમ બૈરોની તફતીશ કરે. સબબ કે, **એના નુત્ફાનું બીજ તે બૈરોના શિકમ-રહેમની ઝમીનમાં પડનાર હોય છે.** તે રહેમવાલા બૈરોનો ખાનદાની હસબ-નસબ શું છે, રિશ્તેદારો ની કૈફીયત અને સમાજી તઅલ્લુકાત, પરહૈઝગારી, ખિદમત, ખસલતો, તીનત, સબરો શુક્ર, ઝબાન-આઁખ-અમલમાં નરમી, ખયાલાત-નઝરીયાત બરાબર છે કે નહીં તેની ખૂબ જુસ્તજૂ કરે, તે બાદ બૈરોને ઝૌજીયત વાસ્તે પસંદ કરે. દીનદાર બૈરોના સબબ ઔલાદની ફસલ કામિયાબ થાવી ઝરૂરી છે. તો જ મુમિનની ઝિંદગીનો મકસદ હાસિલ થયો એમ કહેવાશે.

રજબુલ મુરજ્જબનો મહીનો હમારા દરમિયાન મશ્હૂરો માઅરૂફ છે. તેની ઈબાદત અને રોઝા મકબૂલે બારગાહે સુબ્હાની છે. સાહેબે ઝુલફિકાર આ મુબારક મહીનાના માલિકો સાહેબ છે. **"બીજ"** ની ઝિક્ર આ મહીનાના આઅમાલ સાથે રાબેતો રાખે છે. જેમ કોઈ પણ દરખ્તની ઈબ્તેદા તેના બીજથી થાય છે, તેમ શહરૂલ્લાહની ઈબાદતોના દરખ્તની ઈબ્તેદા રજબુલ મુરજ્જબ કે જે નાના રમઝાન છે, તેની બીજની મિસિલની ઈબાદતથી થાય છે. હમ મુમેનીન પર ઝરૂરી બની જાય છે કે, **હમેં હમારા પાકીઝા ઝરખૈઝ ઇમાની ખેતરમાં શહરૂલ્લાહની બહેતરીન ફસલ વાસ્તે રજબ મહીનાની ઇબાદતોના કામિલ અને તાકતવર બીજ બોઇએ.**

**"અય્યામુલ બીઝ"** યાઅની આ મહીનાના નૂરાની દિવસોમાં કાઅબતુલ્લાહના બાતિનમાં યાઅની અલ્લાહતઆલાના મુનવ્વર ઘરના રહેમ-શિકમ-પેટમાં એક એવું ઝૌફિશા-પુરનૂર બીજ નમૂદાર થયું કે, જેના નૂરે અઝલીને આજે અને કેયામતના દિન તક અહલે ઈસ્લામ, પૂરા આલમના મુસલમાનો સજદો કરતા રહેશે, ચુમતા રહેશે, દીદાર કરતા રહેશે, બખ્શિશે ગુનાહ વાસ્તે રોતા રહેશે અને મુરાદે દિલી માંગવા ઈલ્તિજા કરતા રહેશે. આ **"બીઝ" નું "બીજ" કયું છે !!!** તે છે ઉકદાકુશા, મુશ્કિલકુશા, વસીએ મુસ્તફા, પિદરે મુજતબા, માલિકે કુલ કફા, માઅનીએ લાફતા, મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) નું.

(બકીયહ પેજ નં. ૬ પર)

**અય ફરઝંદો ! વક્તને સાચવો. ખૈરમાં ઈસ્તેમાલ કરો.**

## આજકાલ

તાઅજીલ-જલ્દી કરવું, શિતાબીથી કામ લેવું તે શયતાનનું કામ છે. ઉતાવલ કરવામાં શયતાન શામિલ થઈ જાય છે. શાયદ કે, શિતાબીથી તે કામ કાચું રહી જાય યા તેનો અસર જ કાઈમ ના થાય યા તેના વક્ત પહેલા પૂરૂં થઈ જાય. આ સૂરતે હાલમાં તાઅજીલ કરવાથી કામમાં બરકત રહેતી નથી. મગર એવી ચંદ ચીઝો છે કે, જેમાં શિતાબી કરવી જોઈએ, જેમકે, **દીકરીની શાદી કરવામાં યા ફકીરને સદકો આપવામાં યા મહેમાનદારી કરવામાં.**

તાઅજીલના બરાબર ખિલાફ તાખીર છે, વાર લગાવવી, વક્ત ગુઝારવો, સબર કરવો યા આજકાલ કરવું. તાખીર જો ખૈરીયત હાસિલ કરવામાં હોય યા સબરથી કામ લેવામાં હોય તો તે મુફીદ બની જાય છે. મગર એવી તાખીર જે કામમાં નુકસાન થાતું હોય યા બીજાને કોઈ સબબ બગૈર તકલીફ પહોંચાવતું હોય, તો તે ગલત રવૈયો છે.

યમનના દાઈ સૈ.અલી બિન મોહંમદ બિન અલ-વલીદ (આ.કુ.) આપના એક બયાનમાં ફરમાવે છે કે, ઘણા લોગોને આજકાલ કરવાની આદત પડી જાય છે. તેઓને તાખીર કરવાનું ગમે છે અને કામને બિલાવજેહ લંબાવે છે. આમ કરવાથી નિય્યતમાં કમ્ઝોરી વાકેઅ થાય છે. **અમલની અહેમીયત ઘટી જાય છે અને તેના મુકમ્મલ થાવાની કોઇ ઇન્તેઝારી કે ઉમ્મીદ બાકી રહેતી નથી.** તેમાંથી બરકત ઉઠી જાય છે અને તેના નતીજાની કોઈ પરવાહ કરતું નથી. જો બરાબર વક્ત પર કામ થયું હોતે તો એક તરહની ખુશીનો અહેસાસ થાતે પણ યહાઁ તો અફસોસ, બૈચૈની, મઝમ્મત અને તાખીર થઈ હોવાના બહાનાઓ સિવાય કઈ જ બાકી રહેતું નથી.

તાખીર કરવાની આદતના સબબ એ શખ્સની ગલત છાપ લોગો માં પડી જાય છે. હાલાંકે એવા કામ કે જે એ વક્ત પર કરી ગુઝરવાની તાકત રાખતો હોય તો પણ લોગો એમ જ સમઝશે કે એ હરગિઝ વાઅદા મુજબ કરી આપવાનું કામ પૂરૂં નહીં જ કરીને આપે, લેહાઝા એવા શખ્સને કોઈ અહેમીયતનું કામ સોંપવું જ ના જોઈએ. **આજકાલ-ગલ્લાતલ્લા કરવામાં લોગોમાં ઇઝ્ઝત બરકરાર રહેતી નથી.** એમ નથી કે, આ આદતે બદ રાખવાથી લોગો પાછલ-પાછલ પૂછતા-પૂછતા આવશે ! ના, લોગોના કામ રૂકતા નથી, તેઓ વક્ત પર કામ કઢાવવા બીજો કોઈ આસાન અને પાકો રસ્તો તલાશ કરી જ લેશે. આજકાલ કરનારનો આજ તો જાશે જ પણ કાલ પણ એના હાથ નહીં લાગે. ✫

## મશ્કીઝાવાલા

ચોથા ફાતેમી ઈમામ મૌ.મોહંમદ અલ-બાકિર (અ.સ.) એ જે વક્ત આપના વાલિદે માજિદ બાવાજી સાહેબ સૈયેદુર્રાકેઈના વસ્સાજેદીન મૌલાના ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ના ગુસ્લો કફનની તૈયારી કીધી તો આપે આપના અહલે બૈત-ઘરવાલાને જમાઅ કીધા અને આપના જિસ્માની હાલાતથી વાકિફ કીધા. તમામે જોયું કે, આપ મૌલાના બેવે ગુઠણ, કદમ અને પૈશાની ઉપર સજદહના નિશાન છે. સબબ કે, આપ હર રોઝ હઝાર રકાત નમાઝ પઢતા હતા અને ઈબાદતમાં શબ-બૈદારી કરતા હતા.

તે બાદ, તેઓની નઝર આપના ખભા પર પડી કે, જેની ચામડી ગાંઠવાલી થઈ ગઈ હતી અને કોઈ ભારી ચીઝ ઉઠાવવાના નિશાન માઅલૂમ પડી રહ્યા હતા. આ વાસ્તે ઈમામ અલ-બાકિરને પૂછવામાં આવું કે, અય સાહેબ ! આ નિશાનીઓની હકીકત શું છે ? આ ચીઝ તો ઘણી જ તઅજ્જુબખૈઝ છે. આપે ફરમાવું કે, કસમ બાખુદા ! મારા સિવાય આ મખ્ફી વાતની કોઈને ખબર નથી અને મારા બાવાજી સાહેબને પણ માઅલૂમ ન હતું કે, **આપના જિસ્માની નિશાનના રાઝની વાતની ખબર મને છે.** જો આપ ઈન્તેકાલ ના કરતા તો આ રાઝ એ રાઝ જ રહેતો, યહાઁ તક કે, હું તમેં સઘલાને પણ આ ખબર ના કરતો.

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**અય ફરઝંદો ! જવાનીને સાચવો. ખૈર પર ચાલો.**

# મરદાને હક્ક

૧૩ રજબુલ મુરજ્જબના દિન મક્કા શહેરમાં કાઅબતુલ્લાહમાં હક્કતઆલાના ઘરમાં મૌ.અલી બિન અબી તાલિબ (અ.સ.) પૈદા થયા. હક્કના ઘરમાં હક્કના સાહેબ પધારા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને એક અજીબ તાકત અને કમાલીયતનો અહેસાસ થયો. આપના કલ્બો ઝહેનમાં ઈલ્મો તકવાનો દરીયો મૌજઝન થયો. મૌ.અલી (અ.સ.) ની શિક્લમાં આપે હર હાલ, હર લમ્હા અને હર ઘડી આપના ખલીફા પાયા. આપની મૌ.અલી પર નઝરે મહબ્બત અને દસ્તે શફકત એવી ખાસ થઈ કે, આપના જ ઘરમાં આપના ફરઝંદની માનિંદ એમનો ઉછેર અને નશ્વો નુમા પરહેઝગારી, હક્કપરસ્તી અને સબરો સફા પર થઈ.

નબી સાહેબના ઈન્તેકાલ બાદ મૌ.અલી જ આપની નુબૂવતના વાલી, વારિસ, અમીન અને વસીયતોને પૂરી કરનાર થયા. પૂરા જહાનના જૂઠા બાતિલતપરસ્તોને દરમિયાન, કુફ્રો બગાવતના તુફાનમાં હક્કતઆલાનો હક્ક મૌ.અલી મુશ્કિલકુશાના દામનમાં જ મહેફૂઝ અને બાકી રહ્યો. હક્કના દીનની શમ્અને કોઈ આંચ ના આવી. ખોટા દાવેદારોના ફિત્નાઓની તેઝ હવા તેને બુઝાવી ના શકી. આપ અને આપની આલના સબબ આજે પણ તે દીવો ઝૌફિશા છે, પૂરા જહાનમાં તેની રોશની ફેલાવી રહ્યો છે. તે સાહેબે હક્કના હક્કની દીવાની રોશની થી ફૈઝ લેનાર અને ફાયદો ઉઠાવનાર મરદાને હક્ક છે.

આપની આલના અઈમ્મતે સાલેહીન, ઝરૂર અલ્લાહ જલ્લા શાનોહૂના આ ઝમીન પર ઉમ્મતના ખલીફાઓ છે, જે રૂશ્દો હિદાયત દઈ રહ્યા છે. તેઓ ખૂન-ખરાબો કે જંગો જિદાલ કરીને, ઝાલિમાના તૌર પર ઝબરદસ્તીથી ઈમામ નથી બના, મગર આ ઈમામો તો મુસ્તહિક્ક ને એનો હક્ક આપનાર છે, લોગોના દિલો માંથી શક-શોબોહાતને દૂર કરનાર છે. અલ્લાહતઆલાના દીનને અને કિતાબને સાચવવા વાસ્તે તે ખૂબ બહેતર જાણે છે કે, કોને ખલીફા બનાવવા કે, જે હર ઝમાનમાં તેની મસ્જિદમાં તકવાના મિનારાઓને બલંદ કરે અને તેની દાઅવતની મહેરાબો મિમ્બરને બરાબર સાચવે.

અઈમ્મતે સાલેહીન પોત-પોતાના વક્તમાં **મસ્જિદુત્તકવા** છે. અસાસે દીનના મઝબૂત થાંભલાઓ છે. ઈલ્મે ઈલાહીની બલંદ છત છે. કુરઆને કરીમની તાઅલીમાત તે મસ્જિદના ફરશ છે. મુમિને મુખ્લિસને તેમાં દિલી કરાર છે. દુનિયાના દગાબાઝોથી એ મહેફૂઝ છે. આ પાકો સાફ મસ્જિદથી જ દીને ઈસ્લામ અહલે દુનિયાના દરમિયાન બાકી છે. આ મસ્જિદ એક ઈલ્મના શહેર જેમ છે કે, જેના દરવાઝા મૌ.અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) છે. આ મસ્જિદનુમા શહેરને આબાદો શાદ કરનાર મરદાને હક્ક છે કે, જેની સિફતો કુરઆને કરીમમાં દરજ કરવામાં આવી છે.

લયલતુલ અકબહમાં ૭૦ અસ્હાબે નબી સાહેબ (સ.અ.વ.વ.) ને બયઅત-મીસાક આપો. આમાંથી મૌ.અબ્દુલ્લાહ બિન રવાહા (રિ.અ.) એ અરઝ કીધી કે, "આપ ચાહો તે મુજબ હમારાથી મીસાકની શરતો કરાવી લો. **હમેં ઝરૂર તે જ મુજબ અમલ કરી બતાવીશું.**" નબી સાહેબે ફરમાવું કે, "તો સાંભલો ! અલ્લાહતઆલાની ઈબાદત કરજો, શિર્ક હરગિઝ ના કરજો. નાનામાં નાનો શિર્ક તમારા આઅમાલને પાડી નાખશે. જેમ તમામ જાનો માલને મહેફૂઝ રાખો છો તેમ મને પણ મહેફૂઝ રાખજો. કેમકે, મારા સાથે તમારા આઅમાલ જોડાયેલા છે."

અરઝ થઈ કે, આમ કરવાથી તેના બદલામાં હમને શું મિલશે ? નબી સાહેબે ફરમાવું કે, "**જન્નતનો હદીયો મિલશે.**" અરઝ થઈ કે, આ તો ખૂબ જ ફાયદામંદ તિજારત છે, સૌદો છે અને લાભવાલું વેચાણ છે. આ નુક્તા પર નઝર કરવામાં આવે તો ઈલ્મ થાય છે કે, વેંચનાર મુમિને મુખ્લિસની રૂહ છે અને ખરીદનાર અલ્લાહતઆલા છે. વેચાણ અને

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**અય ફરઝંદો ! ઘરને સાચવો. ખૈરને દાખિલ થાવા દો.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ. ઇમામ ઇસ્માઇલ બિન મૌ. ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૫

- **પાંચમી દલીલ :**

હમેં હકીકત જાણીએ છે કે, હર હાલમાં કુદરત હર ચીઝને તેના વક્તમાં અને તેના મિઝાજ મુજબ વુજૂદમાં લાવીને મુકી દે છે. હરએક ચીઝની કૈફીયત, કિરદાર અને સિફત બીજાથી અલગ હોય છે, જેના સબબ તેની શનાખ્ત અને અસરાત માઅલૂમ થાય છે. મગર એવી ચીઝ કે જેમાં ઈખ્તેલાફ હોય, સમઝ ના પડતી હોય, માઅરેફતનો કોઈ રસ્તો મિલતો ના હોય, પણ તેની બનાવટ, તખ્લીક યા સિફત ઘણી ખાસ હોય, બેનમૂન હોય અને તેને તલબ કરવામાં જે ઝરૂરી ચીઝો હોય તે મૌજૂદ હોય તો તેના તરફ પહોંચવામાં તાખીર થાય છે પણ આખિરકાર પહોંચી જવાય છે. હકીકી ઈમામત તરફ પહોંચવાના પણ અલ્લાહતઆલાએ રસ્તાઓ મુકેલા છે. ચંદ રસ્તા જલી છે તો બીજા ખફી છે. ચંદ ચીઝો ઝાહિરમાં લવાય છે તો બીજી બાતિનમાં બયાન થાય છે. હર વક્ત તમામ ચીઝો ઝાહિર-ખુલ્લી નથી હોતી. ઈમામતની સિફત પણ એવી જ છે. **બીજાથી અલગ છે, અનોખી છે, સાબિત છે, હક્ક છે અને મૌજૂદ છે.** તેના રસ્તાઓની તલબમાં અહલે ઈમામ ઉમ્મીદવાર હોય છે. અલ્લાહતઆલાનું મીઝાન કાઈમ છે અને તેની ઝિક્ર સાથે ઈમામતની ઝિક્ર જોડાયેલી છે.

કોઈ શખ્સ ઘણી બધી ચીઝોની યાદી બનાવે અને તે મુજબ તલબ કરવા નિકલે મગર તેમાં ઉત્રૂજ-લીંબુને લખવાનું ભુલી જાય. હાલાંકે, એને તે ઉત્રૂજની તખ્લીક, રંગ, કૈફીયત, ખુશ્બૂ, ઝાયેકો, નૌઈયત, ઈસ્તેમાલાત તમામ બાખૂબી ખબર છે. તો, ઝરૂર એ શખ્સ જે વક્ત એવી કોઈ ચીઝને જોશે કે, જેની સિફત ઉત્રૂજની મિસિલ કામિલ અને હૂબહૂ છે તો એને ફૌરન ઉત્રૂજ જ હોવાનું યકીન થઈ જાશે. ભલેને યાદીમાં તે શામિલ ના હોય. લીંબુની સિફત કામિલ મુમિનની હોય છે જે કુરઆને કરીમની તિલાવત, ઈમામતની માઅરેફત સાથે કરે છે. **કલામે હક્ક અને ઇમામે હક્કને સાથે મિલાવી દે છે કેમકે, આ બેવે મિલે તો જ દીને હક્કની માઅના રોશન થાય છે.** અલ્લાહતઆલાએ લીંબુની તખ્લીકમાં ખુશ્બૂ અને સ્વાદ બેવે ઉમ્દા મુકેલા છે.

ઈમામતના સિલસિલામાં ઈમામનો હુક્મ આઅલા અને આખિર હોય છે. અલ્લાહતઆલાનો હુક્મ એના સાથે જોડાયેલો હોય છે. ઈમામની નફસાનીયાત અને જિસ્માનીયાત બહેતરીન ખસલતો અને નૈકબખ્તીઓ પર મબ્ની હોય છે. અલ્લાહતઅલાનો એતેમાદ તેના ઈમામ પર એ તરહ હોય છે કે, **ઇમામતની સેહત, શરીઅતની મઝબૂતી અને મુમેનીનની માઅરેફત બરકરાર રહે.** આ એતેમાદે ઈલાહી ઝૈદ બિન મૌ.અલી ઝૈનુલ આબેદીન સાથે અને બનૂ જાઅફર મોહંમદ, મૂસા અને અબ્દુલ્લાહ સાથે ન હતો. આ એતેમાદ, ઈલ્હામે ઈલાહી અને તાઈદે રબ્બાની સાથે ગહેરો તઅલ્લુક રાખે છે. ઈમામતની હક્કાનીયતની બુનિયાદ જ આ ચીઝો પર ઊભેલી હોય છે. નૂરાનીયતનો આ મજમૂઓ મૌ.ઈમામ ઈસ્માઈલ (અ.સ.) અને આપના ફરઝંદ મૌ.મોહંમદ (અ.સ.) માં આશ્કાર, રૂનુમા અને જલ્વાઅફરોઝ હતો. ✯


(પેજ નં. ૧૩ નું બાકી)

આ કલામે અલવીમાં હિકમતના દરીયા સમાયેલા છે. ઈન્સાની ઝિંદગીની અસલી માઅના ઝલકી ઉઠે છે. **ઝબાનથી જહન્નમ તકનો સફર છે.** યાઅની કે, ઝબાનથી નિકલેલા કલામ એક શખ્સને ક્યાંથી ક્યાં પહોંચાવી શકે છે. ભુલ થાવાનું પહેલું પગથીયું ઝબાનનું બેકાબૂ હોવું છે. બેશરમીની ઈબ્તેદા ગુનાહગાર બનવું છે. પરહેઝગારના દાએરામાંથી નિકલવું યાઅની કે ખુદના દિલને મારી નાંખવું છે. હવે જો હમેં અક્લની પુખ્તગી સાથે વિચારીએ, તો જે વક્ત દિલ મરી જાય તો શું ઈમાન બાકી રહે ? બિલકુલ નહી ! જે શખ્સ ઈમાનથી મુનવ્વર નથી તેની પૈશાની પર જહન્નમી લખાય, એમાં કોઈ તઅજ્જુબ નથી. ઝરૂર ! એ બેઈમાન શખ્સ આતિશે જહન્નમમાં બુરી તરહ ધકેલાઈ જાશે. ✯

**અય ફરઝંદો ! બચ્ચાંને સાચવો. ખૈરની નસીહતો કરો.**

## લફઝી કશ-મ-કશ


**✵ ઉભી તરકીબ :**



૧) અલ્લાહતઆલાએ હમને ઘણી-ઘણી નેઅમતો ----- કીધેલી છે કે, જેના વાસ્તે હમારા પર શુક્ર કરવું વાજિબ છે. (૨)
૨) હયાત અને ------ નો જે માલિક છે, તે જ બંદાઓને રોઝી બખ્શનાર છે. (૩)
૩) હમારા અલવી બોહરાના મકાનો આઅલામાં આઅલા પડદા, ચાદરો અને ઝમીન પર ----- થી ઝીનતદાર હોય છે. (૩)
૭) "અલ્લાહ" લફઝના દરમિયાનમાં અરબી ઝબાનનો કયો હરફ આવે છે ? (૨)

**✵ આડી તરકીબ :**
૨) કાઅબતુલ્લાહના હરમમાં જાનાર શખ્સ તેના ઈર્દ-ગિર્દ ૭ ફેરા મારીને એક તવાફ દે છે કે, જે જગાને ----- કહેવાય છે. (૩)
૪) ગૈર રસ્તેથી ------ થયેલી દૌલતમાં બરકત નહીં હોય. (૨)
૫) મિસ્કીનને ----- કરનાર શખ્સની દોઆ કમ્ઝોર થઈ જાય છે. (૨)
૬) મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ રાતે ભુખા શખ્સની ------ માં દર-દર ફિરતા હતા. (૩)

**લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**



**નોંધ :** લફઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંઘા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઈનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે. ✮

---

(પેજ નં. ૨ નું બાકી)

આજે પૂરા જહાનમાં તે નૂરાની બીજમાંથી પૈદા થયેલું શજરતે મુબારકહ ફેલાયેલું છે. હર જગા પર તેની શાખ-ડાલીઓ છે. **"યા અલી"** ની તસ્બીહ કરનાર લોગો-શીઅયાન દુનિયાના હર ગોશામાં મૌજૂદ છે. **"યા અલી"** નું બીજ બોઈને તે ઝમીનને પાકીઝા કરી રહ્યા છે.

ઝબાઁ પર વિર્દ જબ હો " યા અલી ", બડી, છોટી બલા જો હો ટલી,
પસીને હર બલા કે છૂટતેં હૈં, દિખે અલવી જભી ઝટ સે ચલી. ✮

---

(પેજ નં. ૧૧ નું બાકી)

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, જે વક્ત કોઈ ગુઝરી જાય અને એના ઉપર નમાઝ પઢવા વાસ્તે નિદા કરવામાં આવે અને તમને એના જનાઝા તરફ બોલાવવામાં આવે, તો તમેં જલ્દીથી એના ઘર તરફ ચાલા જાવ. એના જનાઝાને એની કબર તક ઉચકીને પહોંચાવવું પસંદીદહ અમલ છે, સબબ કે, એનો જનાઝો તમને આખેરતની યાદ અપાવે છે. એ તરહ કે, **તમને પણ એક દિન કબરની મંઝિલ તક પહોંચવા વાસ્તે જનાઝામાં સુવવાનું છે.** તમેં જો બીજાના જનાઝાઓ ઉચકવામાં જલ્દી કરશો તો તમારી મૌતની નિદા જે વક્ત તમારા અહલો અકરૂબાને દરમિયાન થાશે તો તમારા જ અમલ મુજબ લોગો તમને મંઝિલે આખેરત તક પહોંચાવવા વાસ્તે જલ્દી કરશે. હરએક શખ્સ મરનારને એનો જનાઝો ઉઠાવીને કબર તક પહોંચવાના કદમ આપે છે અને કબરમાં માટી નાંખીને એનું ઘર બનાવે છે. ✮

**અય ફરઝંદો ! ઝબાનને સાચવો. ખૈર જ અદા કરો.**

## " ઝબાનથી ઝિયાદહ કલામ, લખાય છે જહન્નમમાં નામ "

સાહેબે હિકમત બયાન કરે છે કે, ઈન્સાનના મૂઁહમાં ઝબાન, તે બગૈર હાડકાનો એક ગોશ્તનો લોચો છે. લીસો અને સપાટ છે, તે મૂઁહના હર ગોશામાં ફિરી શકે છે. ઈન્સાનના જિસ્મમાં ગર દિલો દિમાગ રાજા છે તો ઝબાન તેનો વઝીર છે. હર આઅઝાની વિઝારત અને તરજુમાની ઝબાન જ કરે છે, તેથી બીજા કરતા તે ઝિયાદહથી ઝિયાદહ હરકતમાં રહે છે. તેની હદથી ઝિયાદહ યા હદથી કમ કોઈ તેને ઈસ્તેમાલ કરે, તો એને વાસ્તે આફત આવવાની તય છે. મગર એ વાત સાફ છે કે, તેની ઝિયાદતીથી આફતમાં ઝરૂર વધારો થાય છે.

ઝબાન જ આફતોનો દરવાઝો છે અને તેનો ગૈર-ઈસ્તેમાલ કરનાર શખ્સ વાસ્તે જહન્નમનો રસ્તો છે. જે શખ્સ હદથી ઝિયાદહ બોલા કરે, ગૈર-મૌકાની અને ગૈર-લાઈક વાતો કરા કરે, તો ઝરૂર એનાથી ભુલો ઘણી જ થાશે. **એના જ અલ્ફાઝનો એ કૈદી બની જાશે.** વધારે પડતું બોલવું, એની આદતે બદ બની જાશે. એ ચાહશે તો પણ ઓછા-મુખ્તસર કલામમાં પોતાની વાત નહીં મુકી શકે.

જો આ જ આદતે કબીહા રહી અને એનાથી ભુલો ઝિયાદહ થાવા લાગી, **તો એના સાથે શરમ પણ કમ થાતી જાશે.** આ થાવાથી એક જડપણું પૈદા થાશે અને તબીઅતમાં સખ્તી આવી જાશે. એવો રવૈયો અને સુલૂક થઈ જાશે કે એના વાસ્તે કોઈ બહેતર ચીઝ કહેશે યા કોઈ ચીઝમાં સુધારો કરવાની સલાહ આપશે, તો એ તેને હરગિઝ કુબૂલ નહીં કરે અને બેશરમીથી એ સામેવાલા શખ્સને તરછોડીને ઝલીલ-બેઈઝઝત કરી નાખશે.

હવે, હમેં જોઈએ કે, ઝબાનની ગૈર-ઝિમ્મેદારાના હરકતથી ખતાઓ વધે છે, ખતાઓના સબબ બેશરમી આવી જાય છે. શખ્સ જે કોઈ બેશરમ થયો હશે, એના વાસ્તે દીનદારી, પરહેઝગારી, તકવા યા ખૌફે ખુદાનો કોઈ સવાલ રહેતો જ નથી ! એ બેફિકર, બેબાક અને બરછટ થઈ જાશે. કોઈની પરવાહ કીધા બગૈર એ **પોતાની દુનિયામાં, પૈસામાં કે દાએરામાં પડેલો હશે.** ભલા લોગોની સોહબતથી એ દૂર થઈ જાશે અને તેઓને એ નિગાહે પસ્ત અને નઝરે બદથી જોશે. દીનદારોના આઅમાલની એ મઝાક ઉડાવશે.

આ તરહના શરમનાક હાલાત જે વક્ત કોઈના પૈદા થાય છે, તો ઝરૂર **એનું દિલ અહેસાસાત, હમદર્દી અને જઝબાતથી ખાલી થઇ જાય છે.** એમ કહેવાશે કે, એ શખ્સ બેદિલ થઈ ગયો છે. યાઅની એનું દિલ મરી ગયું છે. એ ફક્ત દુનિયા વાસ્તે જીવી રહ્યો છે. કેમકે જે દિલ એને આખેરત તરફ લઈ જાનારૂં હતું, તેને તો હવે મૌત આવી ગઈ છે. એ ઝાહિરી તૌરથી જ ઝિંદા હશે પણ બાતિની લેહાઝથી એ મરી ગયો હશે.

જે શખ્સના કલામમાં બદી હોય, ખતાઓ હોય, બેશરમી હોય, બદ્દીની હોય, મૌત પામેલું દિલ હોય, તો એનું ઠેકાણું પછી કઈ જગા હોય શકે !! ઝરૂર, એમાં કોઈ જ શક નથી કે, એને અલ્લાહતઆલા જહન્નમમાં દાખિલ કરશે. અઝાબે શદીદ એના ઈસ્તિકબાલ વાસ્તે તૈયાર હશે.

એના વાસ્તે આ તમામ ખરાબીઓનો સબબ એની ઝબાન છે. ઝબાન ઈન્સાનને ઈઝઝતના ફૂલહાર પણ પહેરાવે છે અને ઝિલ્લતના કાંટા-ભરા રસ્તા પર પણ ચલાવે છે. હવે, હમને આ બેવે માંથી નક્કી કરવાનું છે કે, હમારા વાસ્તે કઈ ઝબાન અફઝલ છે : **ટૂંકી મીઠી ઝબાન યા લંબી કડવી ઝબાન.** ☆

## શાઅબાનુલ કરીમ

રસૂલુલ્લાહ છે માલિક જેના, તે મહીનો છે શાઅબાન,
તેમાં એક રાત આવે છે જેની અઝમત અઝીમુશ્શાન,
દોઆ, સજદા, રૂકૂઅ, તસ્બીહ, ઈબાદત તેની છે પહેચાન,
નમાઝીની રિયાઝતથી પડો, રૂસ્વાઈમાં શયતાન,
કરો આઅમાલ-નામાને તમેં તૌબાથી પાકીઝા,
ખુદા થાશે ઘણો રાઝી રહે બંદો જો પાકીઝા. ☆

**અય ફરઝંદો ! દૌલતને સાચવો. ખૈરના રસ્તે ખર્ચ કરો.**

## કસીદહ મુબારકહ

### ૪૪ માં દાઈએ હક્ક સૈયદના અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.

**તારીખે ઇન્તેકાલ : ૫ શાઅબાન ૧૪૩૬ હિ.**

દીને હક્ક કી હિફાઝત કી ખાતિર કોઇ,
નાઇબે સિબ્તે ખૈરૂલ બશર ચાહીએ,
આજ હર કૌમ કી રહેબરી કે લીએ,
મેરે મૌલા સા એક રાહબર ચાહીએ.
તૈયબુલ અસ્ર કા નૂર થા ઝૌફિશા,
ચહેરએ શેહ મેં થી પંજતન કી ઝિયા,
તૂર કી રૌશની દેખને કે લીએ,
મુમિનોં દિલ મેં ઝૌકે નઝર ચાહીએ.
ખૈર હી ચાહતેં હૈં વો અરશે નશીં,
જાન અપની નિછાવર કરેં મુમેનીં,
હુસ્ને અખ્લાક કા હે તકાઝા યહીં,
ચાહનેવાલે કો ઉમ્રભર ચાહીએ.
સાકીયા હુબ્બે મૌલા કા પાની પિલા,
પંજતન પાક કા મુઝકો સદકા દિલા,
ચશ્મે અલ્તાફ કા હે યે મુશતાક દિલ,
એક નિગાહે શહે બહેરો બર ચાહીએ.
મંઝિલે આખેરત સખ્ત હે, દૂર હે,
બેસહારા યે ઇન્સાન મજબૂર હે,
દસ્તગીરી કી ખાતિર અય તૈયેબ શહા,
આપસા હમકો એક રાહબર ચાહીએ.
પઢકે અઊઝો હી કુરઆન કો મૈં પઢું,
હે યે ફરમાને હક્ક જિસ પે હર દમ ચલૂં,
દુશ્મને હક્ક સે પહેલે બરાઅત કરૂં,
સાથ દાઇઝ્ઝમાઁ કા અગર ચાહીએ.
આપકા રૌઝા હે બાકમાલો જમાલ,
રહેતા હે આપકા હમકો એક બસ ખયાલ,
પૂરા કર દેં કોઈ કર દે ગર એક સવાલ,
હમકો દાઈએ ખૈરૂલ બશર ચાહીએ.
તૂલ હો તૂલ હો ઉમ્રે હાતિમ શહા,
યૂઁ હી રૌશન રહે શમ્એ બઝમે હોદા,
બહેરે દાઇઝ્ઝમાઁ અબ અય ખૈરૂલ વરા,
મેરે દિલ કી દોઆ મેં અસર ચાહીએ.
કલ્બ મેં ઇશ્કે હાતિમ શહા હે અગર,
કિસ લીએ ફિર ઝમાને કા મુઝકો હો ડર,
ચાહે દીવાના કેહ દે મુઝે અય કદીર,
અપને મહેબૂબ કો ઉમ્ર ભર ચાહીએ. ☆

## લાફતા હોતા નહીં

*બેખબર કેહેતા હે હમકો રાહનુમા હોતા નહીં,*
*ઠોકરેં ખાતા હે લેકિન તજરૂબા હોતા નહીં.*
*કબ અલી હોતા નહીં કબ મુસ્તફા હોતા નહીં,*
*કારવાને હક્ક કભી બે-રાહનુમા હોતા નહીં.*
*કાબિલે અફસોસ હે વો લોગ જિનકી રાહ મેં,*
*મુશ્કિલેં હોતી હૈં ઔર મુશ્કિલકુશા હોતા નહીં.*
*હર કસો નાકસ, ખલીફા હો તો સકતા હે મગર,*
*હર ખલીફા જાઁનશીને મુસ્તફા હોતા નહીં.*
*સિર્ફ ઉનકો ઝૈબ દેગી ઝુલફિકારે હૈદરી,*
*કત્લ જિન હાથોં સે કોઇ બેખતા હોતા નહીં.*
*દિલ ભી જલના ચાહીએ અય ઝાહિદાને મોહતરમ,*
*સર ઝુકાકર બંદગી કા હક્ક અદા હોતા નહીં.*
*ચાદરે અહેરામ સે છિપતે નહીં સીરત કે દાગ,*
*સિર્ફ હજ્જ કરને સે કોઇ પારસા હોતા નહીં.*
*સબકો મિલતા હે કહાઁ ઔરે ઇલાહી કા શરફ,*
*હર બશર મરદોં મેં જા કર લાફતા હોતા નહીં.*

**અય ફરઝંદો ! પાનીને સાચવો. તમારા વાસ્તે તે ખૈર છે.**

## અપની ઝબાન

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઈ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :**

અવૈયે, ભોઈમાં , છેલ્લી ખત્મી, ડફ્ફવ, ફૂટેલી કારતૂસ.

**નવા અલ્ફાઝ :**

**અખ્ખી :** પૂરેપૂરી, કામિલ, મુકમ્મલ.

ઈસ્તેમાલ : માઁ ! મને તો ચોકલેટની નાની જિવી કિચ્ચર નથી જોઈતી, પન અખ્ખી જ જોઈએચ.

**બુસ્કોટ :** શર્ટ, કમીસ.

ઈસ્તેમાલ : કિમ, એકનો એક બુસ્કોટ પહેરેચ. તારે પાસ તો ઠપ્પીની ઠપ્પી છે.

**ચિલ્લી ઢમસલ્લા :** પડી જાવું, કોઈ ચીઝને પાડી દેવી.

ઈસ્તેમાલ : જો ને ! જલ્લી-જલ્લી આવ્વા ગઈ અને પગમાં દોરી આવી કે ચિલ્લી ઢમસલ્લા.

**ડરબું :** ઘરનો તે કોનો જે જગા પર કોઈ પડી રહે.

ઈસ્તેમાલ : આ સું ડરબામાં ઘુસી રહ્યોચ. જા ! ભાર નિકલ, લોકો સાથે મિલ !

**હલામની :** થાલમાં ચાવલની ચીઝ પોતાના નઝદીક લઈને લુકમાં દર લુકમાં જમવું.

ઈસ્તેમાલ : આ તારી હલામની સરખી કર. ચારે બાજું સી નદીઓ વહેચ. ✮

---

**સબર એવો ફાસલો છે જે કોઈ વક્ત પૂરો થાતો નથી અને કનાઅત એવી તલવાર છે જે કોઈ વક્ત ધારદાર થાતી નથી.**

**અય ફરઝંદો ! બહેતર આદતને સાચવો તમારા વાસ્તે તેમાં તે ખૈર છે.**

(પેજ નં. ૩ નું બાકી)

મૌલા અલ-બાકિર ફરમાવે છે કે, "હર રાતે જે વક્ત તમેં સઘલા જમી લેતા અને મેહવે આરામ સુઇ જાતા તો આપ તન્હા ઉઠતા, વુઝૂ કરતા અને બે રકાત નમાઝ પઢતા, તે બાદ ઘરમાં જે કઇ જમવાનું બચેલું હોય તેને એક મશ્કીઝામાં ભરી લેતા. જમણથી ભરેલો આ મશ્કીઝો એ તરહથી ઉઠાવતા કે પૂરો બોઝ પોતાના ખભા પર લઈ લેતા અને બિલકુલ ખૂફીયહ તૌર પર ઘોડા પર સવાર થઈને મદીના શહેરથી બાહર મિસ્કીનો અને મોહતાજોની ઝોપડીઓ દરમિયાન પહોંચતા હતા.

બાવાજી સાહેબને નકાબપોશ જોઇને તમામ મિસ્કીનો પહેચાની જાતા હતા કે, એમના હાજિતરવા, જમણ જમાડનાર આવી ગયા છે. આપ તેમના દરમિયાન જમણને તકસીમ કરતા હતા. તમામ મિસ્કીન આપને ફક્ત એક નિશાની અને તરીકાથી પહેચાનતા કે, **એક મશ્કીઝાવાલા નકાબપોશ આવે છે અને સાથે જમણ લાવે છે,** મુશ્કિલકુશાઇ કરે છે. જે વક્ત તે ઈલાકામાં આપના પહોંચવાનો વક્ત થાતો અને તે મિસ્કીનો આપના જ ઈન્તેઝારમાં હોય અને મશ્કીઝો ઉચકનારી આપની નૂરાની સવારી નઝર આવતી, તો તમામ ખુશ થઈને એક સાથે પુકારતા કે, "જોવ ! જોવ ! સાહેબુલ જેરાબ આવી ગયા, યાઅની કે, **મશ્કીઝાવાલા આવી ગયા.**

આ તરહ મિસ્કીનો અને મોહતાજોની હાજિતરવાઇ કરીને આપ દોબારા ઘર તરફ રૂજૂઅ થઈ જાતા હતા અને તે બાદ આપની મહેરાબમાં જઈને પૂરી રાત ઈબાદત કરતા હતા." મૌલા અલ-બાકિર ઔર મઝીદમાં ફરમાવે છે કે, "અય મારા અહલે બૈત ! મને હવે યકીન છે કે, જે વાસ્તે મૈં તમને યાદ કીધેલા છે આ બાવાજી સાહેબના જિસ્મે અત્હર પર જે - જે નિશાનીઓ તમેં જોઈ રહ્યા છો તેની હકીકત તમારા ઉપર રોશન થઈ ગઈ હશે. બાવાજી સાહેબની ઈબાદત અને હાજિતરવાઈની ઈન્તેહાથી તમેં બાખબર થઈ ગયા હશો. અલ્લાહતઆલા હમને હમારા બાવાજી સાહેબની સીરતે તાહેરહ પર ચલાવે." ☆

---

(પેજ નં. ૪ નું બાકી)

ખરીદવાલી ચીઝ જે બેવેના દરમિયાન છે **તે નફસ-જાન અને માલ છે.** ખરીદનાર અલ્લાહતઆલા જે મુમિનના આ જાનો માલની કીમત અદા કરી રહ્યા છે, તે જન્નત છે. આ તરહ ફાની ઝિંદગી આપીને બાકી ઝિંદગી હાસિલ કરવું તે મરદાને હક્કની સિફત અને ખૂબી છે.

અઈમ્મતે સાલેહીન જે મરદાને હક્ક છે, તેઓ મુમેનીનના રૂહાની સરદાર છે. તેઓની માઅરેફત અને મહબ્બતથી જ મુમેનીનની રૂહો આલમે કુદસ-બલંદ પાકીઝા જહાનમાં પહોંચે છે. આ કુદસાની દરજાઓ તેઓને આમને આમ હાસિલ નથી થાતા, મગર તેઓ અઈમ્મતે સાલેહીન પર પોતાના જાનો માલને કુરબાન કરી દે છે. તેઓ માને છે કે, **તેઓના જાનો-માલ ના માલિક આલે મોહમંદ (સ.અ.) ના અઇમ્મત છે જેઓ મરદારે હક્ક છે.** તેઓ આ ઝમીનની પીઠ પર અલ્લાહના હુજ્જત છે, તે વાસ્તે તેઓ પર જાનો માલ ફિદા કરવાથી જ જન્નતનો ફાયદામંદ સૌદો પાર પાડી શકે છે.

જન્નતનો કીમતી હદીયો હાસિલ કરવો હોય તો તે વાસ્તે જે ચીઝ અદા કરવામાં આવે તે પણ એટલી જ કીમતી અને બેમિસાલ હોવી જોઇએ. તે છે, રૂહે મુમિનના ઝરીએ અદા થયેલી એની જાન અને એનો માલ. આ સિવાય કુરઆને કરીમ હક્કના સાહેબો-મરદાને હક્કની બીજી આઅલા સિફતો બયાન કરે છે કે, જેને હમેં મુમેનીન હમારી આદતો-ખસ્લતોમાં ઉતારીએ છે.

✶ તૌબા કરનારાઓ. ✶ ઈબાદત કરનારાઓ. ✶ અલ્લાહતઆલાની હમદો સના કરનારાઓ. ✶ રોઝા રાખનારાઓ. ✶ રૂકૂઅ દેનારાઓ. ✶ સજદહ દેનારાઓ ✶ માઅરૂફ-ભલાઈનો હુકમ કરનારાઓ, રગબત અપાવનારાઓ. ✶ મુન્કર-બુરાઈથી રોકનારાઓ, મનાઅ કરનારાઓ. ✶ અલ્લાહતઆલાએ તય કીધેલી હદોની હિફાઝત કરનારાઓ. ✶ અલ્લાહતઆલાના હર ફેસલા પર ખુશ થાનારાઓ. ☆

**અય ફરઝંદો ! આઁખોને સાચવો. ખૈર તેની રોશની છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૧૫

અખ્બારના કિતાબોમાં વારિદ છે કે, અલ્લાહતઅલાએ મલાએકત-ફરિશ્તાઓને પૈદા કીધા અને તેઓને એક ખાસ ખિદમત સોંપવામાં આવી. મુમેનીનની જમાઅત મુજબ મલાએકતની પણ જમાઅત હોય છે, ગિરોહ હોય છે. હર એક જમાઅત તેના સરદારના માતહત ખિદમતે ખુદાવંદી બજા લાવે છે. આ ખિદમતોની જો હમેં ઝિક્ર કરીએ તો તેમાં સરે ફહેરિસ્ત નઝરમાં આ મુજબ આવે :

(૧) **મલકુલ વહ્ય** : વહ્યના ફરિશ્તા કે જેના સરદાર મૌ. જિબ્રઈલ (અ.સ.) છે. તે અલ્લાહતઆલાના હુકમો ફરમાનને નબીઓના દિલ પર લઈને ઉતરે છે.

(૨) **મલકુલ મતરે વર્રિઝક** : રિઝક અને વરસાદના ફરિશ્તા કે જેના સરદાર મૌ.મીકાઈલ (અ.સ.) છે. તે ફરમાને ઈલાહી મુજબ દુનિયાના લોગો વાસ્તે રિઝક-રોઝી અને વરસાદ લઈને નાઝિલ થાય છે. ક્યા વક્ત પર, કઈ જગા, કેટલી મિકદારમાં, કઈ તરહ વરસાદ વરસાવવો તે આ મલકના હાથ પર તય થાય છે.

(૩) **મલકુલ મૌત** : મૌતના ફરિશ્તા કે જેના સરદાર મૌ.ઈઝરાઈલ (અ.સ.) છે. હર ચીઝ માંથી નફસને કબ્ઝ કરવી અને તેને મૌતનો મઝા ચખાવવો તે આ ફરિશ્તાનું કામ છે. તે પોતાના મદદગારો સાથે એક વક્ત પર દુનિયાની મુખ્તલિફ જગાઓમાં સેંકડો લોગો ને મૌત આપી શકે છે. મલકુલ મૌતના હાથમાં આ ઝમીન એક નાના જેવા બોલ-ગોલા મુજબ છે.

(૪) **મલકસ-સૂર** : સૂર ફુંકનાર ફરિશ્તા કે જેના સરદાર મૌ. ઈસ્રાફીલ (અ.સ.) છે. કયામત આવે તે પહેલા આ ફરિશ્તા ઝોરદાર સૂર ફુંકશે યાઅની એવી તબાહકુન હવા ચલાવશે કે ઝમીનમાં ઝૈરો-ઝબરી અને તલાતુમ બરપા થઈ જાશે.

આ ચારે તરહના સરદારો પર નઝર નાખીએ તો હમને મલકુલ મૌતનો ખૌફ ઝિયાદહમાં ઝિયાદહ હોય છે. કેમકે, તે હમને આ ઝીનતદાર દુનિયાને છોડવા પર મજબૂર કરે છે. મગર, હમેં તેનાથી નાવાકિફ છે કે, આ દુનિયા કરતા પણ બીજી એક સુકૂન-બખ્શ જગા છે કે, હમારા વાસ્તે હમેશા-હમેશા નું ઘર છે. મલકુલ મૌત હમને ફનાથી બકા તરફ લઈ જાય છે.

મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહ તબારકા વ તઆલા અમુક વક્ત મલકુલ મૌત મૌ.ઈઝરાઈલ (અ.સ.) ને હુકમ કરે છે કે, મૌતને વક્ત મુમિનના નફસ-જાનને વારે ઘડીએ નિકાલે અને પાછી એમાં દાખિલ કરે. આ તરહના અમલ કરવા વાસ્તે સવાલ કરવામાં આવો, તે વક્ત આના પાછલના ગરઝને બયાન કરવામાં આવો કે, એ મુમિનના જાનને સહેલમાં સહેલ જગાથી ફરિશ્તા નિકાલે છે. મગર આમ લોગો જે આનાથી જાહિલ છે તેઓ એમ સમઝી લે છે કે, **મૌતના વક્ત એ મુમિન પર કેટલી સખ્તી કરવામાં આવી છે !**

આ અમલ અને હુકમને બિલકુલ ખિલાફ, અલ્લાહતઆલા અમુક વક્ત મલકુલ મૌતને કાફિર ઉપર વક્તે વફાત ઔર સખ્તી કરવાનો હુકમ કરે છે. તો ફરિશ્તા એ કાફિરના જાનને એક જ ઝટકામાં ખેંચી લે છે, જે મુજબ લોખંડનો ગરમ-ગરમ સલીયો ભીગાયેલા બાલોને ખેંચી લે છે. આમ કરવામાં કાફિરને ગઝબનાક દર્દ થાય છે અને સખ્તતરીન તકલીફ પહોંચે છે. મગર આમ લોગો જે આનાથી જાહિલ છે તેઓ એમ સમઝી લે છે કે, **મૌતના વક્ત એ કાફિર ઉપર કેટલી આસાની કરવામાં આવી છે !**

(બકીયહ પેજ નં. ૬ પર)

**અય ફરઝંદો ! લિબાસને સાચવો. લિબાસે ખૈર તકવા છે.**

## ૧૦ સાલ : દાઅવતે હાતિમીયહ તૈયેબીયહ આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.)

અફલાક ભી કુરબાન હે શાહે ઝમન તેરે લીએ,
હમ નિછાવર ભી કરેંગે જાનો તન તેરે લીએ.
હે તેરી હમ પર ઈનાયત, હે તેરા હમ પર કરમ,
બન ગઈ હે યે ઝમીં રશ્કે ચમન તેરે લીએ.
હે તેરી કોશિશ સે દાઅવત કે ચમન મેં હે બહાર,
ઝુકતી હે તાઅઝીમ કો શાખે ચમન તેરે લીએ.
તુઝકો હે માઅલૂમ તેરે મુમેનીં કે હર અમલ,
યે ઝમીં તેરે લીએ હે, યે ગગન તેરે લીએ.
જો મુશર્રફ હો ગયા એક બાર તેરી દીદ સે,
ઔર બઢતી જાતી હે ઉસ કી લગન તેરે લીએ.
અમ્ન કા દાઈઝ્ઝમાઁ હે રાહનુમાએ ખલ્ક હે,
રહેતેં હૈં સર ખમ કિએ મિસ્રો યમન તેરે લીએ.
અહલે બૈતે હક્ક કી મસ્નદ કા તું હી વારિસ શહા,
હે હુસૈનો મુરતઝા, અહમદ હસન તેરે લીએ.
તુંને ઝિંદા કર દિએ હૈ દીન કે અરકાન કો,
હુસ્ને ઈમાઁ કા મનાએંગે જશન તેરે લીએ.
ઈલ્મ કી બારિશ સે તેરે હો ગએ ઝિંદા ઝમીર,
ચલ રહેં હૈં ઈલ્મ સે હરએક ઝહેન તેરે લીએ.
તુઝપે આઁચ આને ન દેંગે જાઁ મેં જબ તક જાન હે,
સર બ-કફ હૈં મુમેનીં બાંધે કફન તેરે લીએ.
ઝિક્ર સે અન્વર બના લે મંઝિલે ઉકબા તેરી,
શેઅર હર એક હે ફિદા શાહે ઝમન તેરે લીએ. ✮

## નિગાહે બૂતુરાબ

વાકિફે સિર્રે ઈલાહી બાદશાહે બૂતુરાબ,
સર બરાહે ઔલિયા આલમ પનાહે બૂતુરાબ.
હમ ગુલામાને અલી હૈં અય જહન્નમ દૂર રેહ,
શાફેએ યૌમુલ જઝા હે ઇક નિગાહે બૂતુરાબ.
જિસકો કહેતેં હૈં મદીના અહલે દિલ, અહલે નઝર,
હમ ઉસીકો જાનતેં હૈં, હક્ક બરાહેં બૂતુરાબ.
અય નસીમે સુબ્હ તું લે ચલ નજફ કે અર્શ પર,
મુઝકો પહોંચા દે તું એક દિન બારગાહે બૂતુરાબ.
મુસ્તફા કુરઆઁ હે ગર તો, હે ઝબાઁ ઉસકે અલી,
હૂબહૂ નુક્તા-બ-નુક્તા મેરે શાહે બૂતુરાબ. ✮

## મુન્કિરે મીસાક

મીસાકનો મુન્કિર છે, શયતાનનો ગુલામ,
તેના આ બદ અમલથી થયો હર જગા બદનામ,
ના પાડે એવા શખ્સથી અલ્લાહ કોઈ કામ,
મક્કારી ને, ફરેબીમાં, ગુઝરે છે સુબ્હો શામ,
હયદરની ઝુલફિકારથી હાથોંને કાપસે,
લોગો ગઝબને જોઇને મહેશરમાં કાઁપસે. ✮

## તિજારત

**Ismat Tinwala (MA, B.Ed.)**
**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.
**8th to 12th (GSEB, CBSE, ICSE)**
**A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.**
**Ph.: 09409156524** ✮

**Mithen Ismail Sorangwala**
**- FLAT FOR SALE -**
Opp. Noorani Masjid, Badri Mohalla,
Wadi, Vadodara - 390017.
**Ph.: 7383607861** ✮

**અય ફરઝંદો ! જાનને સાચવો. ખૈર નઝદીક આવશે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો

### કિસ્ત - ૨૦

નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઐન સુન્નતોમાંથી એક પાડોશીઓ વાસ્તે પણ છે. તે છે એમનો ખયાલ, ઈઝઝત, તઅલ્લુકાત, રહેમદિલી અને મોહબ્બત. આનાથી ઘરની બંદિશો અને હિદાયતના તકાઝા બરકરાર રહે છે. આ રિશ્તાઓ એતેમાદ અને ભરોસા પર ચાલે છે. જોવા જઈએ તો પાડોશીઓ નો રિશ્તો બીજા ખાનદાની રિશ્તેદારો કરતા ઝિયાદહ પાકો અને અહમ સાબિત થાય છે.

આ બાબમાં આગલા શુમારાઓમાં ઘણી નસીહતો આવી ગઈ છે. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના ફરઝંદોને બેસાડીને ફરમાવે છે કે,

✤ **મસ્ખરાપણું ખૂબ જ બદતર, ગંદી, ખરાબ અને બદ આદત છે :** તેના સબબ વાતની સંજીદગી અને એહમીયત ઘટી જાય છે. જે શખ્સને આ તરહ બદતમીઝી કરવાની આદત પડે છે એની લોગો દરમિયાન કોઈ ઈઝઝત બાકી રહેતી નથી. એની હર વાત ને લોગો હલકામાં લે છે અને રમતબાઝી સમઝે છે. **એના કોઇ પણ અમલ યા ફેસલા પર કોઇ ધ્યાન આપતું નથી.** ફક્ત વક્તને ગુઝારવા વાસ્તે એની સોહબત-કંપની ફક્ત ડ્રામેબાઝી તક મહેદૂદ રહી જાય છે. મસ્ખરીના સબબ એ એની ઈઝઝતને પણ હંસીમાં ઉડાવી દે છે. પાયા અને નતીજા બગૈરની વાતોને કોઈ ફઝીલત કે કબૂલીયત મિલતી નથી.

હવેના વક્તમાં વૉટસએપ, ઈન્સ્ટા, ફેસબુક, એક્ષ વગૈરહ સોશીયલ મીડિયાના પ્લેટફોર્મ પર મસ્ખરી અને મઝાક એક આમ ફેશન બની ગઈ છે. જેના મનમાં આવે તે પોતાની નાદાનીભરી રાય અને કમેન્ટ લખી શકે છે. બીજાની ઈઝઝતને ઉછાલી શકે છે. બેશરમી ના તીર છોડી શકે છે. મઝાકમાં ને મઝાકમાં ફસાદભરી હરકતો કરી શકે છે. હમેં મુમેનીનને આ તમામ શરથી દૂર રહેવું પડશે અને હમારા જવાનોને સાચવવા પડશે.

✤ **જે કોઇ શખ્સ જે કઇ બાબત, ચીઝ, આદત યા કલામ ઘણા કરશે તો તે બાબતથી એ ઓલખાશે, પહેચાનાશે :** આ નસીહતમાં માઅલૂમ થાય છે કે, હમને કોઈ પણ ચીઝને ઈખ્તિયાર કરતા પહેલા, પસંદ કરતા પહેલા, સો વાર વિચારવું - સોચવું જોઇએ. કેમકે, એ ચીઝ હમારી શનાખ્ત બની જાય છે. લોગો હમને તેનાથી જ ઓલખશે.

ખૈર આદત હશે તો તાઅરીફ થાશે યા બીજા હમારા નકશે કદમ પર ચાલી બહેતરીને અપનાવશે અને જો બુરી આદત હશે તો ઐબદારીની આંગલી કરીને હમારા તરફ ઈશારો કરશે અને સોહબત કરવાથી દૂર ભાગશે. લોગોમાં હમારા તરફથી અચ્છાઈનો પયામ જાવો જોઈએ, ના કે ફસાદ પૈદા કરવાનો હમેં ઝરીઓ બનીએ.

ઈન્સાનના ઝહેન પર સોહબતનો ગહેરો અસર પડે છે. ઉમ્દા સોહબતથી બિગડેલો શખ્સ પણ સુધરી શકે છે. સાદા અને સાફ ઝહેન શખ્સને ખરાબ-ગંદી સોહબત ખસ્તા-ખરાબ કરીને એને બિગાડી શકે છે. સોહબત-મિલનસારીમાં જો કોઈ આદતે કબીહા હોય, તો તેનો બટ્ટો તે ગિરોહના હર કોઈ પર લાગી શકે છે. એકની એક ચીઝ જો કહેવામાં આવે અને કરાવવામાં આવે અને ગર તે બદ-શર હોય, તો તે જ મુજબ કરવા પર હમેં આમાદહ થઈ જઈએ છે અને શાયદ કે, તેનાથી જ પછી લોગો હમને ઓલખે પણ છે.

✤ **જે કોઇ શખ્સ ઘણી વાતો કરશે. બેરોકટોક બોલશે તો એની ભુલો પણ ખૂબ થાશે :** જેની ભુલો ઘણી થાશે તો એની શરમ ઓછી થઈ જાશે. હવે જે બેશરમીની ચાદર ઓઢી લેશે તો એ પરહેઝગાર નહીં રહે. જે ઝાહિદ-મુત્તકી-પરહેઝગાર નહીં રહે તો એનું દિલ મરી જાશે. આખિરમાં જેનું દિલ જ મરેલું થઈ જાશે, તો એ શખ્સ બિલાશક જહન્નમમાં દાખિલ થાશે.

(બકીયહ પેજ નં. ૫ ૫૨)

**અય ફરઝંદો ! ઈબાદતને સાચવો. ખૈરની મંઝિલ તેને બનાવી દો.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૩૪
## અલવી અકીદાઓ - અકીદો - ૫૦

**અકીદો - ૫૦ : રૂઅયતે હિલાલ યાઅની કે, ચાઁદ જોઇને રોઝા કરવા બાબત.**

હમારો અકીદો ઘણો પુખ્તા છે કે, શરીઅતના હર અમલની બુનિયાદ યકીન પર થાય છે, શક-શુબેહ પર નહીં. રોઝાને વાસ્તે હિલાલ જોવો હોય યા હજ્જે બયતુલ્લાહના અય્યામ મુકર્રર કરવા હોય, આ બન્ને અમલમાં અગર ઈમાનની તાબેઅદારી કરવામાં ના આવે અને અમલ શક પર થાય તો રોઝૂં યા હજ્જ બન્ને ઝાયેઅ-નાકામ થઈ જાય છે.

ચાઁદ જોઈને જ રોઝૂં રાખવું તે અહલે બૈત (અ.સ.) પર ઈમાન અને યકીન રાખનારાઓનો શૈવો નથી. અગર એમ કરે તો લોગો ઈખ્તિલાફમાં પડે, બિદઅત ઝાહિર કરે, મુત્તહિદ ના થાય. એવા લોગો અકસર કરીને શહેરે રમઝાનના આવવા પર તેના દિનમાં જમે છે અને ઈદુલ ફિતરનો દિન કે જેમાં રોઝૂં હરામ છે, તેમાં રોઝાદર બને છે. લેહાઝા, શહરે રમઝાનના ઈબ્તેદા અને ઈન્તેહામાં બન્ને દિનોમાં હરામ કામ પર સવાર થાય છે અને પૂરા મહીનાની મહેનતને ઝાયેઅ કરી દે છે.

ચાઁદ જોઈને રોઝા રાખવાની રૂખ્સત અને ઈજાઝત સિર્ફ એ લોગો વાસ્તે છે કે, જેનો હાદી-રાહનુમા ના હોય. જેઓ ઈમામે તરતીબ આપેલી તકવીમ-કોઠા-કેલેન્ડર થી નાવાકિફ હોય. જેઓને માઅલૂમ જ ના થયું હોય કે શહરે શાઅબાન ખત્મ થઈ ગયો યા નહીં. એવી મજબૂરીના વક્ત અને જેમકે, ઈસ્લામી મહીનો ચાઁદનો મહીનો કહેવાય છે, તેથી લાચારીમાં પહેલી રાતનો ચાઁદ થયો કે નહીં તેની ઝહેમત ગવારા કરે. પણ હમેં અહલે હક્ક અને યકીન છે, અહલે બૈતના અમલને તાબેઅ થાનાર છે, તેથી હમને ઝરૂરત જ નથી કે હમેં શહરૂલ્લાહના રોઝા યા હજ્જ બન્ને ઝાતી રાયથી કરીએ. સબબ કે, હમારા ઈલ્મના રિવાયત કરનાર હક્કના અઈમ્મત અને દોઆત છે, જેઓએ અય્યામની ગિન્તીનો સહી તરીકો બતાવેલો છે. **હમેં આસ્માનની તરફ નઝરો નિગાહ દોડાવવાના મોહતાજ નથી.** જે મુજબ સહી વક્ત બતાવવાવાલી ઘડીયાલ જે શખ્સને પાસે હોય છે એ મગરિબની નમાઝ વાસ્તે મસ્જિદથી બાહર નિકલીને તે જોવાનો મોહતાજ નથી કે આફતાબ ગુરૂબ થયો કે નહીં. એ તો પોતાની ઘડીની સેહત પર યકીન કરીને વક્ત પર અઝાન દઈ દે છે, મુત્મઈન થઈ જાય છે કે, મૈં સહી વક્ત પર જ નમાઝ પઢી છે.

તે જ મુજબ હક્કની દાઅવતના ફરઝંદોને પોતાની જમાઅતના કેલેન્ડર પર એતેમાદ રાખી ઘરમાં બેસીને શહરે રમઝાન શુરૂ થયા યા ખત્મ થયા એમ યકીન રાખવું જોઈએ અને નાહક્કની મગઝપાશી-એહતેજાજ-તફતીશ કરવાની ઝરૂરત નથી. રૂઅયતે હિલાલ પર યકીન રાખનારા લોગો પર અને રોઝા રાખવાની સેહત અને તરીકાનો દારોમદાર રસૂલલ્લાહ (સ.અ.વ.વ.) ની મદીનાથી ગઝવએ તબૂકની સફર પર છે. શાઅબાનુલ કરીમ મહીના ખાતમહ પર હતા, રમઝાન કરીબ હતા અને રસૂલલ્લાહ (સ.અ.વ.વ.) જઈ રહ્યા હતા, તો મદીનાના લોગો આપના પાસે આવા અને અરઝ કીધી કે, યા રસૂલલ્લાહ (સ.અ.વ.વ.) ! હમેં આપના રોઝાથી રોઝા કરતા હતા, આપના ઈફતારથી ઈફતાર કરતા હતા, તો હવે આપની ગૈર હાઝિરીમાં હમેં રોઝા વાસ્તે શું કરીએ ?

તો, તે વક્ત હાલાતને ફૌરી તૌર પર જોઈને આપે ફક્ત એમ ફરમાવું કે, એમને જોઈને તમેં રોઝા રાખો અને એમને જોઈને ઈદ પર ઈફતાર કરો. આ હદીસથી એમ સાબિત થાય છે કે, જહાઁ તક રસૂલલ્લાહ (સ.અ.વ.વ.) તેઓના દરમિયાન હાઝિર છે તો રૂઅયતે હિલાલની ઝરૂરત નથી. પણ તે લોગોએ એ શખ્સના અકીદા મુતાબિક સવાલ કીધો કે, કોઈ ફાઝિલ શખ્સની ગૈર-મૌજૂદગીમાં શું કરે ? તો આપે આ હાલતમાં એ મુજબ જવાબ આપો.
(બકીયહ પેજ નં. ૧૫ પર)

**અય ફરઝંદો ! હાથને સાચવો. ખૈરનું ઝૈવર પહેરાવો.**

(પેજ નં. ૧૪ નું બાકી)
પણ બહરે-હાલ જે દીનદાર છે એ એમ અકીદો રાખે છે કે, અલ્લાહતઆલા આ ઝમીનને પોતાના તરફથી કાઈમ-મકામ બગૈર રાખતો નથી. જેમાં તેના બંદાઓના દરમિયાન તેના હુજ્જત અને કાઈમ-મકામનો હક્ક નિભાવે.

તો આ અમરનો ખુલાસો એ થાય છે કે, આપની ગૈર-મૌજૂદગીમાં લોગો તેના મોહતાજ હતા પણ જહાઁ તક આપ નબી સાહેબની મિસિલ આપના ખલીફા એના બંદાઓ પર હુજ્જત છે, તો રોઝા યા હજ્જ કાઈમ-મકામના અમરથી હોય છે જે તરહ કે, રસૂલલ્લાહ (સ.અ.વ.વ.) લોગોના દરમિયાન માં હતા અને તેઓ પૂછીને કરતા હતા અને હિલાલને તરફ રૂજૂઅ થાતા ન્હોતા અને આસ્માનમાં હિલાલના તુલૂઅ થાવાની તલાશ ન્હોતા કરતા. તેઓ કહેતા હતા કે, યા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ! હમેં આપનાથી રોઝા રાખીએ છીએ અને આપની ઈદથી ઈદ મનાવીએ છે. તેથી, હિલાલથી મૂઁહ ફિરાવવું અને ઝમાનાના હાદી તરફ ઈલ્તેફાત કરવા વાસ્તે આ હુજ્જત કાફી-શાફી છે.

તો પછી એમ કેમ તસ્લીમ કરવામાં ના આવે કે, જે વક્ત આ જંગે તબૂકમાં રસૂલલ્લાહ (સ.અ.વ.વ.) એ અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) ને આપના સાથે ના લીધા બલ્કે એમ કહીને કે, અય અલી ! તમારી મંઝેલત મારા નઝદીક એ છે કે, જેમ હારૂનની મંઝેલત મૂસાના નઝદીક હતી, આમ ખલીફએ મૂસા મૌ.હારૂનની મિસિલ અલીને મદીનામાં રોકી દીધા હતા. તેથી "સૂમૂ લેરૂઅયતેહી" થી માઅના તે છે કે, હવે આઈંદા એને જોઇને જ રોઝા રાખજો. યાઅની કે, એની પૈરવી અને ખિદમત કરજો, કહ્યા મુજબ ચાલજો.

આ બારામાં અજીબ-તરીન વાત તો આ છે કે, આ હદીસમાં ચાઁદની ઝિક્ર જ નથી. પણ આના બાવુજૂદ ઉમ્મતે મુસ્લેમહના ગુમ્રાહ તબકાની એ ઝિદ કે ગોશ્ત-પોશ્ત અને ચરબીથી બનેલી આઁખોથી ચાઁદ જોઇને જ રોઝા રાખો. બીજું જે કઇ ઈલ્મ છે જે આઁખોની નઝરથી આઅલા-બાલા છે તેને છોડી દો. એવી કમ્ઝોર હદીસ પર ઝિદ અને ગુમ્રાહી છે. મગર હુક્મે કુરઆનીની તો પરવાહ જ નથી.

"વલેતુકમેલુલ ઈદ્દતા" માં ગિન્તીને પૂરી કરવાનો હુક્મે ઈલાહી છે. પૂરી ગિન્તીનો મતલબ પહેલાથી જ માઅદૂદ, મુઅય્યન અને મુકર્રર ચીઝને કહેવાય. એમાં ૨૯ યા ૩૦ નો કોઈ તનાઝોઅ-ખેંચતાણ ના હોય. ગરઝ કે, આ હુક્મને ઈન્સાફના તરાઝૂમાં મુકીને ગૌર-ખૌઝ કરવાવાલાઓને વાસ્તે બેશુમાર દલીલો છે. ☆

## દર હઝરતે સૈ.બદરૂદ્દીન સાહબ (આ.કુ.)
### ઉર્સ મુબારક : ૮ શાબાન, બુસ્તાને બદરી

આપકી ઝાતે ગિરામીથી બહોત ઈઝ્ઝતમઆબ,
એક આલમ હો રહા થા આપ હી સે ફૈઝયાબ.
આપ કે કિરદાર કા ગુફ્તાર કા અંદાઝ ક્યા,
ઝિંદગાની આપ કી થી મોઅતબર ઔર કામિયાબ.
કોશિશે પૈહમસે શીરાઝા બિખરને ન દીયા,
હર અમલ લાસાની થા ઔર હર કદમ થા લાજવાબ.
આપકી હરદિલ અઝીઝી સે યે મીલતા થા પતા,
યે નિગાહે મરદે મુમિન કે યકીનન ઈન્તેખાબ.
હો નહીં સકતા કોઈ ભી આપકા નેઅમુલ બદલ,
આપકી હસ્તી કહાઁસે હોગી ફિરસે દસ્તયાબ.
અલવીયત કા લો હુવા હૈ બોલબાલા આપસે,
આપકી ખિદમત મેં કરતે હૈં સલામ આલી જનાબ.
થે જો મેહવે ગુફ્તગૂ કલ તક હમારે દરમિયાઁ,
આજ હૈ આરામ સે ઝેરે ઝમીં વો મેહવે ખ્વાબ.
રહેમતેં બરસે સદા તુરબત પા બસ આઠોં પહેર,
ચાઁદની ભી જગમગાએ મીલને આયે આફતાબ.
હે દોઆ લબ પર યે " અલવી " બાસફા કે હે યે હી,
હો નુઝૂલે રહેમતે બારાં લહદ પર બેહિસાબ. ☆

**અય ફરઝંદો ! દિલને સાચવો. ખૈરનો જોશ ભરી દો.**

## સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ

અલી મુશ્કિલકુશા મૌલા, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ,
દરે જન્નતના છે રિઝ્વાઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
અલીની આલ હક્ક પર છે, સના તેની ઝબાઁ પર છે,
તે છે અલ-હમ્દના સુલ્તાઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
અલીની આ જમાઅત છે, જહાઁ માં શાનો અઝમત છે,
ઈબાદત છે તેની પહેચાઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
છે પિસ્તાલીસવાઁ રહેબર, છે દાઈ આલે પૈગમ્બર,
છે તૈયેબના રૂખે ઝીશાઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
મુબારક છે કદમ એના, હમારા પર કરમ કિતના,
હમારી જાન છે કુરબાઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
હમેં ખિદમત કરા કરીએ, તલબ ફઝલે ખુદા કરીએ,
બને ઉકબાનો તે સામાઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
છે કૌસરમાં એની તાઅરીફ, ને છે ઈખ્લાસમાં તૌસીફ,
સનાખ્વાઁ છે એના કુરઆઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
દોઆ માંગે છે હર લમ્હા, હમારા વાસ્તે મૌલા,
કરીએ શુક્રના સજદા, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
અલીયુન હુબ્બોહુલ જુન્નહ, કસીમુન્નારે વલ જિન્નહ,
મહબ્બત એની છે મીઝાઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
વસીયુલ મુસ્તફા હક્કા, ઈમામુલ ઈન્સે વલ જિન્નહ,
જહાઁ પર છે એના અહેસાઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
છે હક્ક પાછલ અલીને, પણ નથી હક્કથી અલી પાછલ,
અલી હક્કના છે જિસ્મો જાઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
હમેં અલવી, હમેં ફખરી, હમેં બદરી, હમેં શમ્સી,
દોઆતો દીનના તારા, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
શહે હાતિમના છે આશિક, મહબ્બતના હમેં શાઈક,
ઘણું જીવો અય સૈયેદના, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
વસેલા છો નઝરમાં આપ, દિલમાં છો સમાયા આપ,
હરએક મુમિનના છો પ્યારા, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ.
રહે કાઈમ શહે હાતિમ, છે મૌલા દીનના હાકિમ,
રૂખે અન્વર મહે તાબાઁ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ. ✩

## ઈબાદતની ઈબાદત

અલીનું નામ લેવું તે ઇબાદતની ઇબાદત છે,
ખરેખર ચૈન છે, આરામ છે ને દિલને રાહત છે,
પળેપળ એટલા માટે તો હું નામે અલી લઉં છું,
હકીકતમાં અલીનું નામ જન્નતની ઝમાનત છે. ✩

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.